# સે.૬ ખાતે પોસ્ટ ઓફિસની કચેરીને સે.ઉન્યુમાં ખસેડવા વસાહત મંડળની માંગ

ગાંધીનગર તા.૨૦

ગાંધીનગરના સેક્ટર-૬ ખાતેની પોસ્ટ કચેરી અત્યારે સરકારી ક્વાર્ટર્સમાં ચાલી રહી છે જેને સરકારી ક્વાર્ટર્સના રિનોવેશનની કામગીરી હાથ ધરવાની હોવાથી ખાલી કરવા નોટીસ આપવામાં આવી છે. સેક્ટર-ઉન્યુ ખાતે લાંબા સમયથી પોસ્ટની સુવિધા માટે માંગ કરવામાં આવી રહી છે જે પુરી થઇ નથી. હાલ સે.ઉન્યુમાં વિકસાવાયેલા સરકારી દવાખાનાના મકાનમાં બે ઓરડા ખાલી રહે છે તેથી જો સે.૬ની પોસ્ટ કચેરીને ત્યાં જગ્યા ફાળવવામાં આવે તો સે.ઉન્યુની જુની સમસ્યા ઉકેલાઇ શકે છે તેવું સે.ઉન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઇ આગજાનું કહેવિં છે.

ગાંધીનગરના સેક્ટર-૩ ન્યુમાં પોસ્ટ ઓફિસની સુવિધા ના હોવાને કારણે સેક્ટરના વડીલો-મહિલાઓ સહિતના નાગરિકોને છેક સે.૬ સુધી લાંબા થવું પડી રહ્યું છે. વળી, બાજુમાં સેક્ટર-૩ પણ વિશાળ વસ્તી ધરાવતું સેક્ટર હોવા છતાં ત્યાં પણ પોસ્ટઓફિસની સુવિધા નથી એ કારણે મોટી સંખ્યામાં નાગરિકોને પોસ્ટ ઓફીસની સેવાઓ બાબતે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે જેને અનુલક્ષીને સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા અગાઉ ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાંસદ તથા દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહને પણ લેખિત રજુઆત કરવામાં આવી ચુકી છે. તાજેતરમાં પ્રાપ્ત માહિતી અનુસાર સેક્ટર-૬ ખાતેની પોસ્ટ કચેરી અત્યારે સરકારી ક્વાર્ટર્સમાં ચાલી રહી છે જેને સરકારી ક્વાર્ટર્સના રિનોવેશનની કામગીરી હાથ ધરવાની હોવાથી ખાલી કરવા નોટીસ આપવામાં આવી છે તેથી જો તેને સે.ઉન્યુના સરકારી દવાખાનાના ખાલી પડી રહેલાં બે ઓરડા ફાળવવા જોઈએ તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી રહી છે.

સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઇ આગજાએ જણાવ્યું હતું કે "અમારા સેક્ટરમાં નવી પોસ્ટ ઓફિસની સગવડ ઊભી થાય તો આજુબાજુના સેક્ટરના વસાહતીઓ પણ તેનો લાભ લઈ શકે તેમ છે. આ સુવિધાને પગલે અનેક નાગરિકોના બિનજરૂરી ભાડા ખર્ચ નો બચાવ થશે તેમજ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને તેમજ આ વિસ્તારના તમામ સેક્ટરના વિદ્યાર્થીઓને પડતી હાલાકીમાંથી મુક્તિ મળશે. વળી, નજીકમાં જ આરટીઓ કચેરી તથા ઈન્ફોસિટી અપ જેવા મહત્ત્વનાં સ્થાનો આવેલા હોવાથી અહીંના મુલાકાતીઓને પણ વારંવાર પોસ્ટ ઑફિસની સેવાઓની જરૂર પડતી હોય છે. પાટનગરના આયોજન અનુસાર સેક્ટર-ઉન્યુમાં નકશામાં પણ પોસ્ટ ઓફિસ માટે જગ્યા ફાળવેલી છે છતાં હજુ સુધી પોસ્ટ કચેરી ફાળવાઈ નથી.

## કેજરીવાલના વિરોધમાં નિવૃત IPS અધિકારીનો રાષ્ટ્રપતિને પત્ર

ગાંધીનગર, તા.૨૦

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ નિવૃત આઈપીએસ અધિકારીએ રાષ્ટ્રપતિને પત્ર લખ્યો છે. પોલીસ સાથે ગેરવર્તણૂંકનો આરોપ લગાવીને તેમણે રાષ્ટ્રપતિને પત્ર લખ્યો છે. અરવિંદ કેજરીવાલની ભાષાથી પોલીસની લાગણી દુભાઈ હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. આ પત્રમાં કુલ ૩૦ નિવૃત્ત જી અધિકારીઓએ સહી કરી છે.

આ અંગે વિગતવાર વાત કરીએ તો ગુજરાતમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આ વખતે ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસની સાથે-સાથે આમ આદમી પાર્ટી પણ ચૂંટણીના મેદાનમાં છે. આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને અરવિંદ કેજરીવાલ સતત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સતત ગુજરાતનો પ્રવાસ ખેડી ગેરંટી પર ગેરંટી આપી રહ્યા છે.

## ભારત તરફથી 'છેલ્લો શો' ફિલ્મને ઓસ્કર એવોર્ડ માટે મોકલાઈ

**ગુજરાતી ફિલ્મનો વિશ્વ ફલક પર ડંકો : ભારત તરફથી રેસમા RRR, ધ કશ્મીર ફાઈલ્સને પછાડીને જ્યુરીએ ગુજરાતી ફિલ્મ છેલ્લા શોને પસંદ કરી હતી**

અમદાવાદ, તા.૨૦

ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો'એ ડંકો વગાડ્યો છે. ભારત તરફથી 'છેલ્લો શો'ને ૨૦૨૩ના ઓસ્કાર એવોર્ડ માટે મોકલાઈ છે જે ગુજરાતીઓ માટે મોટી ગર્વની વાત છે. ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડીયાએ જાહેરાત કરતા જણાવ્યું કે ઓસ્કાર ૨૦૨૩ માટે છેલ્લા શો ફિલ્મને મોકલાઈ છે. છેલ્લા શોએ ૨૦૨૨ની સુપરહિટ ફિલ્મો એવી એસ. એસ. રાજામૌલિની 'ઈઈઈ' અને વિવેક અગ્નિહોત્રીની 'ધ કાશ્મીર ફાઈલ્સ'ને પણ પાછળ રાખીને બાજી મારી લીધી છે.૨૦૨૩ની સાલમાં અમેરિકાના લોસ એન્જલસમાં યોજાનાર ઓસ્કર અવૉર્ડ્સમાં ફિલ્મ છેલ્લો શો ભારતનું પ્રતિનિધિત્વ કરશે અને બેસ્ટ ઈન્ટરનેશનલ કેટેગરીની ફિલ્મો સાથેની સ્પર્ધામાં ઉતરશે જો આ ફિલ્મની પસંદગી થશે તો તેને બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મનો ઓસ્કાર મળશે. ઉલ્લેખનીય છે કે ફિલ્મ છેલ્લો શો અમરેલીના ફિલ્મ ડિરેક્ટર પાન નલીનના જીવન પર આધારિત છે.




સૌથી મહત્વની વાત એ છે કે ઓસ્કર માટે ભારત તરફથી રેસમાં ઈઈઈ, ધ કશ્મીર ફાઈલ્સને પછાડીને જ્યુરીએ ગુજરાતી ફિલ્મ છેલ્લા શોને પસંદ કરી હતી.અન્ય રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મના મોટા ભાગની વાર્તા ફિલ્મના ડિરેક્ટર પાન નલિનના જીવન પરથી છે. જેમનો જન્મ સૌરાષ્ટ્રના અડતાલા ગામમાં થયેલો છે. ગામડાના સ્થાનિક ૬ બાળકોને આ ફિલ્મમાં લેવામાં આવ્યા છે. ફિલ્મનું શૂટિંગ સૌરાષ્ટ્રના રેલ્વે સ્ટેશન અને ગામડાઓમાં થયું છે. ફિલ્મની વાર્તાને રિયલ લૂક આપવા માટે જૂના સિનેમા પ્રોજેક્ટર્સની પણ ખરીદી કરવામાં આવી હતી. કોરોના પહેલા (માર્ચ ૨૦૨૦) આ ફિલ્મનું શૂટિંગ થયું હતું પરંતુ મહામારીને કારણે પોસ્ટ પ્રોડક્શન આ ફિલ્મનું બાકી હતું.

## શારદા સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા ઇન્ડસ્ટ્રીયલ વીઝીટ નું આયોજન



ગાંધીનગર, તા. ૧૯

શારદા સ્કુલ ઓફ ફાર્મસી,પેથાપુર દ્વારા બી.ફાર્મ ના છેલ્લા વર્ષ ના વિધ્યાર્થીઓને ઈન્ડ્સ્ટ્રીયલ વીઝીટ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ LEO NUTRISCIENCE LLF દેહગામ ખાતે યોજઈ હતી.અત્યાર ના સમય માં ઈન્ડ્સ્ટ્રીયલ વીઝીટ નું એક આગવું જ મહત્વ હોય છે. જેમાં વિધ્યાર્થીઓને પ્રયોગિક અભ્યાસ કરવા ની તક મળે છે. આ વીઝીટ મા ૧૨૦ વિધ્યાર્થી તથા ૪ જેટલા સ્ટાફ મિત્રો ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો.

જેમાં કંપની ના પ્રોડ્કશન, ક્વોલીટી અસ્યોરન્સ અને ક્વોલીટી કંટ્રોલ ડીપાર્ટ્મેન્ટ ની ઉંડાણ પુર્વક સમજ મેળવી હતી. આ વીઝીટ નું આયોજન એસોસીએટ પ્રોફેસર ધનશ્યામ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એસ.કે.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે પ્લેસમેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સે.૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ - એમબીએ વિભાગમાં પ્લેસમેન્ટ ૨૦૨૨-૨૩ની શરૂઆત કરવામાં આવી છે આ અંતર્ગત સંસ્થા દ્વારા અનેક જાણીતી અને પ્રભાવશાળી કંપનીઓ સાથે કેમ્પસ ડ્રાઈવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે સંસ્થાના ડીન ડો. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડીનેટર ડો.કૃપા મહેતાના પ્રયાસો સાથે સંસ્થાની ફેકલ્ટીઝ ટીમ દ્વારા વિદ્યાર્થીઓને તેમના વ્યવસાયિક અભ્યાસક્રમોની ઉદ્યોગની સુસંગતતાએ મોટા કોર્પોરેટ હાઉસ સાથે કામ કરવાની તક પ્રાપ્ત થઈ રહી છે. તેમના આ પ્રયાસો માટે કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલે બિરદાવ્યાં હતા.

## ડાંગ જિલ્લાના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે નદીઓમાં ઘોડાપુર

ડાંગ, તા.૨૦

જિલ્લામાં પડી રહેલા ધોધમાર વરસાદ સાથે ઉપરવામાં પણ ભારે વરસાદને કારણે ડાંગ જિલ્લાની મુખ્ય નદીઓમાં ઘોડાપૂર જોવા મળ્યા છે. ધસમસતા પાણીને કારણે જિલ્લામાં ૨૦થી વધુ નાના મોટા કોઝવે ઉપર પાણી ફરી વળતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા જ્યારે હજારો લોકો અટવાઈ પડ્યા હતા.

ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ક્યાંક ધોધમાર તો ક્યાંક છૂટો છવાયો સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. પાછોતરા વરસાદને પગલે ખેડૂતોને નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. જ્યારે સામાન્ય જનજીવન પણ પ્રભાવિત બન્યું છે. ગ્રામ્ય વિસ્તારોમા ત્રણ પશુના પણ મૃત્યુ નોંધાયા છે. સતત વરસાદને લીધે જિલ્લાના અંતરિયાળ વિસ્તારના માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યાં હતા. આ વરસાદને પગલે જિલ્લાના ૨૦ જેટલા લો લેવલ કોઝ વે, અને નીચાણવાળા માર્ગો ઉપર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાને ધ્યાનમાં રાખી આ તમામ માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. રાહદારીઓ, પશુપાલકો તથા વાહન ચાલકોને આ માર્ગો ને બદલે, તંત્ર એ સૂચવેલા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.

જિલ્લના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને નદીઓમાં આવેલ ઘોડાપૂરને લીધે ૨૦ જેટલા લોલેવલના કોઝવે ઉપર પાણી ફરી વળ્યા હતા. જેમાં મુખ્ય સતી-વાંગણ-કુતરનાચ્યા રોડ, નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડ, ઘોડવહળ વી.એ.રોડ, ખાતળ ફાટકથી ઘોડી રોડ, માછળી-ચિખલા-દિવડ્યાવન રોડ, ઢાઢરા વી.એ.રોડ, વાંઝટઆંબા-કોયલીપાડા રોડ, સાથે દુલધા, કરંજપાડા, બંધપાડા જેવા મુખ્ય કોઝવે સહિત અનેક નાના મોટા માર્ગો અવરોધાતા ડાંગ જીલ્લાના હજારો માણસો અટવાઈ પડ્યા હતા. ગીરા નદીમાં અચાનક આવેલ ઘોડાપૂર ને કારણે અટવાઈ પડેલ લોકોએ પોતાના જીવના જોખમે નદીમાંથી પસાર થવું પડ્યું હતું જ્યારે મહિલાઓ અને બાળકોએ નદીમાં પાણી ઓસરે ત્યાં સુધી રાહ જોવી પડી હતી દર વર્ષ કરતા આ ચોમાસામાં વરસાદ નું પ્રમાણ વધુ રહેતા ખાસ કરીને સુબિર તાલુકામાં પરિસ્થિતિ વધુ વિકટ બની છે.

## વિશ્વકર્મા જયંતિએ મહિલા ITIનો પદવીદાન સમારોહ યોજાયો




ગાંધીનગરના સેક્ટર-૧૫માં મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આજે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના વિવિધ ટ્રેડમાં ઉત્તિર્ણ થયેલી મહિલા તાલીમાર્થીઓનો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે આઈએમસી કમિટીના ચેરમેન મુકેશભાઈ પટેલ સહિત ચૈતન્ય શુક્લ, નિર્મલ પટેલ તેમજ સંસ્થામાંથી તાલીમ મેળવીને વિવિધ ક્ષેત્રે નોકરી-વ્યવસાય કરીને પોતાની પ્રગતિની કેડી કંડારનાર સંસ્થાની ભૂતપૂર્વ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

**ગુજરાતનું પ્રથમ ઓર્થોપેડિક રોબોટિક સેન્ટર**

## પ્રસ્તુત કરે છે જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે આધુનિકતમ ન્યુ જનરેશન રોબોટિક સિસ્ટમ

સર્જિકલ ઓર્થોપેડિક્સના ક્ષેત્રમાં નવયુગનો પ્રારંભ થઈ રહયો છે. ખાસ કરીને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીએ તાજેતરના દાયકાઓમાં ખુબ ઝડપથી વિકાસ દર્શાવ્યો છે. વિશ્વભરમાં સ્વાસ્થ સેવા અને ઓર્થોપેડિક્સમાં ટેકનોલોજી ક્ષેત્રે નવી પ્રગતિનો સંચાર એ કોઈ અપવાદ નથી. જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી ક્ષેત્રે દર્દીઓ અને સક્રિય આરોગ્યકર્મીઓની અપેક્ષાઓ સંતોષવા આપણે પડકારો ઉઠાવી ક્રાંતિકારી પરિવર્તનો લાવવા અપડેટ રહેવું એ હાલના સમયની માંગ છે.

ડો.ડીમ્પલ પારેખના નેતૃત્વ હેઠળ અમે અમદાવાદની પારેખ હોસ્પિટલખાતે અમે ગુજરાત રાજયમાં સાંધા બદલવા માટે રોબોટિક ટેકનોલોજીના ઉપયોગની પહેલ કરી, છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક ભૌગોલિક સીમાઓ વટાવી ત્રણ હજારથી વધુ સફળ જોઈન્ટ રિપ્લેસમેન્ટની સારવાર કરી છે. આ કેસોનો સફળતા દર આશરે ૯૯.૮૭% છે.

## રેડક્રોસ ગાંધીનગર દ્વારા વિધવા, નિઃસહાય વિકલાંગ ૭૩ બહેનોને કરીયાણા કીટ વિતરણ

ગાંધીનગર, તા. ૧૯

એકલવાયુ જીવન જીવતા નિઃસહાય વિધવા-વૃદ્ધ અને વિકલાંગ મહિલાઓને ૧ હજાર સુધીની કરીયાણા કીટ દર માસે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આપવામાં આવે છે.

તા. ૧૭મીએ પ્રધાન મંત્રીના જન્મ દિવસે ૭૩ નિઃસહાય વૃદ્ધ અને વિધવા-વિકલાંગ જેઓ બદપુરા, વાગોસણા, ઈટાદરા, રીદ્રોલ, સોલૈયા, બાલવા, માણેકપુર, દેવાજીના મુવાડા અને અન્ય ગામોના બહેનોને જિલ્લા રેડક્રોસના જે.એન. પરીખ, રામસિંહભાઈ આર્મીમેન, જીલુભા ધાંધલ અને અન્ય દાતાઓના આર્થિક સહયોગથી ૭૩ કરિયાણા કીટ અર્પણ કરવામાં આવી હતી.

**૨૦૫૦ સુધીમાં નેટ ઝીરો બનવા અદાણી ટ્રાન્સમિશન સજ્જ**

## પૂર્વ ઔદ્યોગિક સ્તરોથી ઉપર ૧.૫°નું લક્ષ્ય સાધવા સંકલ્પ

અમદાવાદ, ૨૦ સપ્ટેમ્બર

વૈવિધ્યસભર અદાણી ગ્રુપના એક અંગ અને ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની અદાણી ટ્રાન્સમિશન લિ.(ATL) એ વાતાવરણમાં કાર્બનનું પ્રદુષણ ઘટાડવાની દીશામાં હાથ ધરેલા નક્કર પ્રયાસોના ભાગરુપે તેની ગ્રીન હાઉસ ગેસ (GHG)ના ઉત્સર્જન ઘટાડવાની યોજનાઓ અને નિર્ધારીત લક્ષ્યાંકો ગલોબલ વોર્મિંગને આવરી લેતી પહેલ કરનાર વિજ્ઞાન આધારિત લક્ષ્યાંક પહેલ (SBTi) ને સુપ્રત કર્યા છે. કંપનીએ ગ્લોબલ વોર્મિંગને આવરી લેવામાં યોગદાન આપવાની પોતાની પ્રતિબદ્ધતાથી એક વર્ષમાં SBTi ને GHG ઉત્સર્જન ઘટાડવા માટે તેની વિગતવાર યોજના અને લક્ષ્યાંકો સુપ્રત કર્યા છે.

ટકાઉ વૃદ્ધિ અને તેની નેટ ઝીરો તરફની સફર પર સતત ધ્યાન કેન્દ્રિત કરવાના ભાગરૂપે અદાણી ટ્રાન્સમિશન લિ.એ ઓક્ટોબર ૨૦૨૧માં SBTi સમક્ષ તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ATL અત્યંત જરૂરી ક્લાયમેટના પગલાં સાથે તાલમેલ સાધી કાર્ય કરશે અને ગ્લોબલ વોર્મિંગને ૧.૫ °C સુધી મર્યાદિત રાખવાની વ્યૂહરચના ઘડી કાઢશે.

## શ્રી વિશ્વકર્મા સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા ૨ ઓક્ટોબરે યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૨-૧૦-૨૨, રવિવારના રોજ સાંજના ૪ કલાકે સમાજના હોલમાં રાખવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩ કારોબારીની રચના તેમજ સમાજ ઉપયોગી કાર્યો અંગે ચર્ચા કરવામાં આવશે. વર્ષ-૨૦૨૨-૨૩ની કારોબારી રચનાનો વિગતવાર કાર્યક્રમ સંસ્થાના નોટિસબોર્ડ પર મુકવામાં આવેલ છે. વાર્ષિક વહિવટી અહેવાલની નકલ સંસ્થાના કાર્યાલય પરથી મળી રહેશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ગુજરાતમાં ભાજપની સામે કોઈ પ્રતિસ્પર્ધી નથી : જેપી નડ્ડા

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સૌરાષ્ટ્રના પ્રવાસે : મોરબી અને રાજકોટમાં મુખ્યમંત્રી અને અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સહિતના નેતાઓનો જમાવડો જોવા મળ્યો**

મોરબી, તા.૨૦

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી નડ્ડા મંગળવારે સૌરાષ્ટ્રના પ્રવાસે હતા. અહીંથી તેમણે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. રાજકોટમાં સંબોધન કરતા જેપી નડ્ડાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર પ્રહારો કર્યા હતા. તથા આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતનો દાવો પણ કર્યો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ભલે હજુ જાહેર નથી થઈ, જો કે ચૂંટણીનો માહોલ જામી ચૂક્યો છે, આ દ્રશ્યો તેનો પુરાવો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ સૌરાષ્ટ્રથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. મોરબી અને રાજકોટમાં મુખ્યમંત્રી અને અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સહિતના નેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો. રાજકોટમાં નડ્ડાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓના મહાસંમેલનમાં હાજરી આપી, પંચાયતથી સાંસદ સુધીના ૧૦ હજાર પ્રતિનિધિઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે રાજકોટમાં તૈયાર થઈ રહેલી એઈમ્સને લગતા એક કિસ્સાનું વર્ણન કર્યું...

રાજકોટ બાદ નડ્ડા મોરબી પહોંચ્યા હતા, જ્યાં તેમણે ભવ્ય રોડ શો યોજ્યો, મોરબીના શનાળા રોડથી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સુધી યોજાયેલા રોડ શોમાં ૫૦ હજારથી વધુ લોકો જોડાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

નડ્ડાએ આખરે ચૂંટણી પ્રચાર માટે સૌરાષ્ટ્ર અને એમાં પણ મોરબી તેમજ રાજકોટની પસંદગી શા માટે કરી, તો તેનો જવાબ એ છે કે મોરબી ભૂતકાળમાં પાટીદાર અનામત આંદોલનનું એપીસેન્ટર હતું. પાટીદાર આંદોલનના કારણે ભાજપને સૌરાષ્ટ્રમાં નુકસાન થયું હતું. ૨૦૧૭ની ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં ભાજપનું નબળું પ્રદર્શન રહ્યું. ભાજપને સૌરાષ્ટ્ર- કચ્છની ૫૪માંથી ફક્ત ૨૩ બેઠક મળી હતી. ૨૦૨૨માં પણ ભાજપ સામે કોંગ્રેસના મજબૂત ઉમેદવારો પડકારરૂપ છે. કેમ કે કોંગ્રેસનાં જીતેલા ધારાસભ્યમાંથી મોટા ભાગના રિપીટ થવાની પ્રબળ શક્યતા છે. જેને જોતાં સૌરાષ્ટ્રમાં ભાજપ આ વખતે શું રણનીતિ અપનાવે છે, તે જોવું રહેશે.

### આરટીઓનું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા હતા. જેમાં મોટર વાહન નિરિક્ષક વર્ગ -૩ અને મોટર વાહન નિરિક્ષક વર્ગ -૨ ની જગ્યાને અનુલક્ષી ૮૦ થી વધુ કિસ્સામાં બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત આર ટી ઓના ૧૫ અધિકારીઓના નામ પણ બદલીમાં સામેલ હતા. જેમાં દંપતિના કિસ્સમાં સાત અધિકારીઓને ધ્યાનમાં રાખીને ઓર્ડર કરાયા છે. અધિકારીઓની કામગીરીને ધ્યાનમાં રાખીને બદલી કરવામાં આવી હોવાનુ પણ આર ટી ઓ વર્તુળમાં ચર્ચા સ્થાને છે. આ દરમિયાન ભ્રષ્ટાચારની ફરિયાદો પણ મંત્રી કક્ષાએ પહોંચી હોય તેવા કિસ્સામાં પણ તપાસના અંતે બદલી કરી દેવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરની મોડેલ આર ટી ઓ કચેરીનો વહીવટ પણ નમુનારૂપ થાય તેમજ આમ નાગરિકોની હાલાકીનો અંત આવે તે માટે આર ટી ઓ અધિકારીની જગ્યા રેગ્યુલર નિમણુંક આપી દેવામાં આવી છે. ત્યારે લાંબા સમયથી ચાર્જમાં કાર્યરત તંત્રની કામગીરીમાં પણ સુધાર આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### પાંચ નવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિએ પણ લીફટની સુવિધાનો અભાવ વર્તાય છે.

જેને અનુલક્ષી વિવિધ બ્લોકમાં તબક્કાવાર લીફટ મુકવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ સચિવાલય સંકુલમાં લીફટ મુકવા માટે આયોજન કરાયુ હતુ જયારે હજુ પણ બાકી રહેતા બ્લોકને આવરી લેવા માટે લીફટ મુકવામાં આવશે. બે બ્લોકને આવરી લેતા પેસેજમાં લીફટની કામગીરી કરવામાં આવશે જયારે લીફટ મુકવાની આ યોજના અન્વયે હાલ જરૂરી સિવિલ વર્ક હાથ ધરવામાં આવ્યુ છે. જયારે જુના સચિવાલય સંકુલમાં નવી પાંચ લીફટ મુકવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જુના સચિવાલયમાં નવી લીફટ મુકવા માટે રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે. ટેન્ડર મંજુરીના અંતે લીફટ મુકવાની કામગીરી હાથ ધરાશે જુના સચિવાલયમાં લીફટની યોજનાનુ કામ પુર્ણ થતા શારિરીક અશ્કત તેમજ વિકલાંગ મુલાકાતીઓને પણ સાનુકુળતા રહેશે. બીજીતરફ આગામી દિવસોમાં જુના સચિવાલયમાં નવા બ્લોક બાંધવા માટે પણ આયોજન કરવામાં આવશે જેમાં હાલના બ્લોકને કાર્યરત રાખી નજીકમાં સ્થિત નવી જગ્યામાં બ્લોક બાંધવાનુ આયોજન કરાશે જેમાં ઓછી જગ્યામાં વધુ કચેરીઓ કાર્યરત થઈ શકે તે મુજબનુ આયોજન પણ કરવામાં આવશે.

### અરણ્યભવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિયન દ્વારા સરકાર સાથે હજુ સુધી કોઈ વાટાઘાટો થઈ ન હોવાનો દાવો પણ વનકર્મચારીઓએ કર્યો હતો. વનરક્ષક-વનપાલની પડતર પ્રશ્નોમાં વનરક્ષકને-૨૮૦૦ ગ્રેડ પે અને વનપાલને -૪૨૦૦ ગ્રેડ પે, રજા પગાર, પીટીએ, ડ્રેસ આર્ટીકલ,વોશીંગ એલાઉન્સ, નોકરીનો સમાય ફિકસ કરવો ભરતી-બઢતીનો રેસીયો નકકી કરવો અને મળવાપાત્ર ભથ્થા સહિતનો સમાવેશ થાય છે.ત્યારે પડતર પ્રશ્નો મુદ્દે વારંવાર રજુઆત કરવા છતા ઉકેલ નહી આવતા વનકર્મચારીઓમાં સરકાર સામે વિરોધ ઉઠવા પામ્યો છે.

ત્યારે આજે બીજા દિવસે પણ વનકર્મચારીઓએ સરકારને મચક આપ્યા વિના અરણ્ય ભવન સામે મોરચો માંડ્યો હતો. એક તરફ સરકારી કચેરીઓ અને સામે સેન્ટ ઝેવીયર્સ સ્કુલ હોવાથી સવારના સમયે ભારે ટ્રાફિક સમસ્યા સર્જાઈ હતી.

### પુરતા ફોર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે નવા જોડાણ આપવા માટે પણ પ્લાનીંગ કરી દેવાયુ છે. સર્વે અને અભ્યાસના અંતે નવા જોડાણની સુવિધાને અનુલક્ષી જરૂરી કામગીરી પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે સરકાર કક્ષાએતી નિતી નક્કી ન થઈ હોવાના લીધે ગામોમાં નવા જોડાણ આપવાની યોજના આગળ વધી નથી.

### ચિંતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિમાન્ડ ઘટવા લાગે છે અને આર્થિક ગતિવિધિઓ ધીમી થઈ જાય છે. આનાથી અર્થવ્યવસ્થાનું મંદીમાં ફસાવાનુ જોખમ વધી જાય છે. આર્થિક ગતિવિધિઓમાં મંદીની સૌથી મોટી અને ઊંડી અસર નોકરીઓ પર પડે છે.

ગ્લોબલ અર્થવ્યવસ્થા

વર્તમાન સ્થિતિમાં આ જ તરફ વધી રહી છે. મંદીના મારથી નોકરીઓ જવાની આશંકાઓએ નોકરિયાત લોકોને ડરાવી દીધા છે. ગયા અઠવાડિયે વર્લ્ડ બેક્રએ એક રિપોર્ટ જારી કર્યો છે તે અનુસાર ગ્લોબલ ઈકોનોમીમાં રિકવરી બાદની સૌથી મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ૧૯૭૦ બાદ આ પ્રકારનો સૌથી મોટો ઘટાડો છે.

દુનિયાની ત્રણ મોટી અર્થવ્યવસ્થા અમેરિકા, ચીન અને યુરોપીય અર્થવ્યવસ્થાઓમાં ઝડપથી ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિમાં ગ્લોબલ ઈકોનોમી પર પડેલી સામાન્ય ઈજા પણ આને મંદીમાં ધકેલી શકે છે.

દુનિયાની દિગ્ગજ ડિલીવરી કંપની ફેડએક્સએ રોકાણકારોને કહ્યુ છે કે તેમની પેકેજ ડિલીવરીમાં ભારે ઘટાડો આવી શકે છે. એશિયા અને યુરોપમાં પરિસ્થિતિ વધારે ખરાબ હોવાની આશંકા છે. આનાથી તેમના બિઝનેસ ઓપરેશન પર ખૂબ અસર પડશે.

કંપનીને કરોડો ડોલરના નુકસાનની આશંકાએ ગુરૂવારે આના શેરને ૨૦ ટકા સુધી ઘટાડી દીધા. માત્ર ફેડએક્સ જ નહીં પરંતુ અમેઝોન, ડોએચે પોસ્ટ અને રોયલ મેલ જેવી ડિલીવરી કંપનીઓના શેર પણ પડી ગયા.

ફેડએક્સએ કહ્યુ છે કે ડિમાન્ડમાં ઘટાડાને કારણે કંપની પોતાની સર્વિસમાં ઘટાડો કરી શકે છે. તેઓ પોતાની ડઝનો ઓફિસ બંધ કરવાનુ આયોજન કરી રહ્યા છે. આનાથી આના સેંકડો કર્મચારીઓની નોકરીઓ પર તલવાર લટકી ગઈ છે.

### નેપાળમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોની લગભગ ૫ એકર જમીન પર પાણી ફરી વળ્યું છે. હવે ખેડૂતો તેમના બચેલા પાકને કાપવાનું શરૂ કરી દીધું છે. જેથી તેઓ તેમના ઢોરને ચારો ખવડાવી શકે. ધાધરા ડેમના તમામ દરવાજા ખુલવાના કારણે આ સ્થિતિનું સર્જન થયું છે. ભારથાપુરના લોકોને હવે ભોજન અને સારવારની તકલીફ પડી રહી છે. પૂર્વ કૃષિ નિષ્ણાંત સતીશ કુમાર વર્મા દ્વારા સિંચાઈ વિભાગ અને વન વિભાગ પાસે પાળના બાંધકામ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો પાસે માંગ કરવામાં આવી હતી. જોકે સરકારી વિભાગોની બેદરકારીના કારણે રાજસ્વ ગ્રામ ભરથાપુરના અસતિત્વ પર ખતરો ઉત્તન થયો છે.

### મોદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમને યાદ કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે સામાન્ય નાગરિકનો સંબંધ જો સરકાર નામની કોઈ વ્યવસ્થાથી આવે છે તો પંચાયતથી આવે છે, નગર પંચાયતથી આવે છે, નગરપાલિકાથી આવે છે, મહાનગર પાલિકાથી આવે છે. તેથી આ પ્રકારના વિચાર-વિમર્શનુ મહત્વ વધી જાય છે.

આપણા દેશના નાગરિકોએ ખૂબ લાંબા સમયથી શહેરોના વિકાસ અંગે ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે. તેને નિરંતર જાળવી રાખવો, તેને વધારવો આપણા સૌની જવાબદારી છે. જમીની સ્તરથી કામ કરવુ તમામ મેયરોની જવાબદારી છે. શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવે અને વિકાસ નક્કી થાય.